*M.K.Dave*

Circle Secretary, BSNLEU

GUJARAT CIRCLE

# BSNL ના EXECUTIVES અને NON-EXECUTIVE કર્મચારીઓને અપીલ

## BSNL ના વિનિવેશ (DISINVESTMENT) નો વિરોધ કરવા સંઘર્ષ માટે તૈયાર રહો...

UPA સરકારે પુનઃ સત્તા પ્રાપ્તિ બાદ અનેક જાહેર સાહસ ના એકમોનું DISINVESTMENT કરવાનું નક્કી કર્યુ છે. જેમાં BSNL નો પણ સમાવેશ થાય છે. ભારત અને વિદેશ ના કેટલાક મૂડીવાદી તત્વો જાહેર સાહસોના એકમો ને નજીવી કિંમતે ખરીદીને મોટો નફો મેળવવાનું વિચારી રહયા છે. UPA સરકાર આવા મૂડીવાદી તત્વોને ખુશ કરવાના ઈરાદાથી જાહેર સાહસના એકમોનું વિનિવેશ કરવાનું આયોજન કરી રહયું છે. આ અગાઉ UPA સરકારે જાહેર સાહસ ના એકમો નું DISINVESTMENT કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ટ્રેડ યુનિયનો અને લેફટ પાર્ટીઓના જોરદાર વિરોધ ના કારણે DISINVESTMENT ની પ્રક્રિયા અટકાવવાની ફરજ પડી હતી. UPA સરકારને જયારે લોકસભામાં પૂરતી બહુમતી મળી છે અને લેફટ પાર્ટીઓના ટેકાની જરૂર રહી નથી ત્યારે UPA સરકાર તરફથી જાહેર સાહસોના એકમોનું DISINVESTMENT કરવાની તૈયારીઓ ફરીથી શરૂ કરવામાં આવી છે. UPA સરકારની DISINVESTMENT ની નીતિ ના ભાગરૂપે BSNL ના ૧૦% શેરનું DISINVESTMENT IPO દ્વારા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. BSNL BOARD દ્વારા આ PROPOSAL DOT ની મંજૂરી મેળવવા માટે મોકલી આપવામાં આવેલ છે. સમાચાર માધ્યમો ના અહેવાલ મુજબ સંચાર મંત્રી શ્રી એ.રાજા દ્વારા BSNL મેનેજમેન્ટ ને યુનિયનો સાથે વાટાઘાટો કરી IPO માટે યુનિયનો ને સહમત કરવા માટેની સુચના આપવામાં આવી છે. સમાચાર માધ્યમો એ એવા પણ અહેવાલ આપ્યા છે કે આ અગાઉ BSNL મેનેજમેન્ટ તરફથી દરેક કર્મચારીને રૂા. ૧૦ પ્રતિ શેરના મૂલ્ય થી ૫૦૦ શેર આપવાની તજવીજ હાથ ધરી BSNL ના કામદારો ને BSNL ના વિનિવેશ માટે તૈયાર કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા જેનો કામદારો અને કામદાર સંગઠનો એ વિરોધ કર્યો હતો. હવે, કામદારોને વધુ શેર ઓફર કરવામાં આવશે અને તેમને BSNL ના વિનિવેશ માટે સહમત કરવાના પ્રયત્નો કરવામાં આવશે. સમાચાર માધ્યમો એવું પણ જણાવી રહયા છે કે કામદારોને ઉંચા વેતન ધોરણ, ભથ્થાં તેમજ પ્રમોશનની આકર્ષક યોજના ઓની લાલચ આપી BSNL ના વિનિવેશ માટે રાજી કરી લેવામાં આવશે.એવા પણ સમાચાર વહેતા થયા છેકે કામદારો BSNL નું વિનિવેશ સ્વીકારી લેશે તો BSNL ને "નવરત્ન" પણ આપવામાં આવશે. એવી પણ અફવાઓ વહેતી કરવામાં આવી છેકે વિનિવેશ થી મળેલી રકમનો ઉપયોગ BSNL ના વિકાસ અને સેવાઓના વિસ્તરણ માટે કરવામાં આવશે.

મિત્રો, આપણે એ સમજી લેવું જરૂરી છેકે BSNL ના વિનિવેશ થી આવનાર એક પણ પાઈ BSNL ને આપવામાં આવશે નહી. BSNL ના વિનિવેશ થી આવનાર દરેક રૂપિયો " નેશનલ ઈન્વેસ્ટમેન્ટ ફંડ " માં જમા કરવામાં આવશે. જેનો ઉપયોગ " ફંડ મેનેજર " પોતાની મનસૂફી પ્રમાણે ના રોકાણો માટે કરશે. " ફંડ મેનેજર " દ્વારા કરવામાં આવેલ રોકાણ પરની આવકની ચૂકવણી સરકારને કરવામાં આવશે. જેમાથી સરકાર ૭૫% રકમ સમાજ ઉપયોગી યોજનાઓ માટે કરશે અને ૨૫% રકમનો માંદા જાહેર સાહસના એકમો ને મદદ કરવા માટે કરશે. જેથી BSNL ના વિનિવેશ થી એક પણ રૂપિયો BSNL ને મળશે નહિ જે નિ:સંદેહ છે. આ સંજોગો માં BSNL ના વિનિવેશ થી મળનારી રકમનો ઉપયોગ BSNL ના વિસ્તરણ

M.K.Dave
Circle Secretary, BSNLEU
GUJARAT CIRCLE

અને કામદારો ના કલ્યાણ માટે ઉપયોગ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ સમગ્ર પ્રક્રિયા પાછળનો એક અને એક માત્ર ઉદ્દેશ શરૂઆતમાં ૧૦% વિનિવેશ કરી ધીરે ધીરે ૫૧% વિનિવેશ સુધી પહોંચવું અને ત્યારબાદ યોગ્ય સમયે BSNL નું ખાનગી કરણ કરવું. ૫૧ % હિસ્સેદારી સરકારની રાખવામાં આવશે એવી છેતરામણી જાહેરાતો કરવામાં આવી રહી છે. એક દલીલ એવી પણ કરવામાં આવી રહી છેકે ૧૦ % વિનિવેશ કરવાથી BSNL ની "માર્કેટ વેલ્યુ" નો અંદાજ આવશે જે BSNL ના વિકાસ અને વિસ્તાર માટે ઉપયોગી નિવડશે અને મેનેજમેન્ટ આ અંદાજ નો ઉપયોગ કરી BSNL ના શેર ની વધુ કિંમત મેળવવા પ્રયત્નો હાથ ધરશે. આ બધી ભ્રામક વાતો છે.MTNL ના વિનિવેશ પછી MTNL ની આર્થિક સ્થિતિ કથળી ગઈ છે. વિનિવેશ નો કોઈપણ લાભ MTNL ને થઈ શકયો નથી એ હકીકત આપણી સમક્ષ છે.

એવું કહેવાઈ રહયું છે કે BSNL નું મૂલ્ય ૪ લાખ કરોડ રૂપિયા છે અને ૧૦% વિનિવેશ કરવાથી સરકારને ૪ હજાર કરોડ રૂપિયાની આવક થશે. જેનો ઉપયોગ સરકાર વિકાસ ના કામો માટે કરશે. દેશ–વિદેશ ના મૂડીપતિઓને ઓછી કિંમતે શેર આપી શકાય તેવા હેતુ થી BSNL નું ઓછું મૂલ્ય આંકવામાં આવી રહયું છે. BSNL નું વાસ્તવિક મૂલ્ય ૪૦ લાખ કરોડ રૂપિયા છે કે નહિં કે માત્ર ચાર લાખ કરોડ રૂપિયા. BSNL ના વિનિવેશ થી થનારી આવક સરકારના હાથોમાં નહિં પરંતુ " નેશનલ ઈનવેસ્ટમેન્ટ ફંડ " માં જશે. જેનો ઉપયોગ કરવાની સંપૂર્ણ સત્તા " ફંડ મેનેજર " ને રહેશે. આ ફંડ ના રોકાણો માંથી થતી આવક સરકારને આપવામાં આવશે. જેથી સ્પષ્ટપણે એમ કહી શકાય કે વિનિવેશની પ્રક્રિયા માત્ર દેશ–વિદેશના મૂડીપતિઓ ને લાભ અપાવશે અને દેશને ખૂબ મોટું આર્થિક નુકસાન પહોંચાડશે.

વિનિવેશની પ્રક્રિયા ને આપણે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સમર્થન આપીશું તો તબકકાવાર ખાનગીકરણ કરવામાં આવશે અને પરિણામે આપણી રોજી–રોટી અને પેન્શન પર ખતરો ઉભો થશે.BSNL અને MTNL જેવા જાહેર સાહસના એકમો સંચાર ક્ષેત્ર નહી રહે તો ખાનગી ઓપરેટરો છૂપી મંડળી બનાવી સંચાર સેવાઓ ના દરો વધારીને ગ્રાહકો ને લૂંટી લેવાની શરૂઆત કરશે. BSNL રાષ્ટ્રીય સંપતિને સસ્તા દરે ખાનગી ઓપરેટરોને વેચી દઈ અને સમગ્ર સંચાર વ્યવસ્થાને ખાનગી હાથોમાં સોંપી દેવું એ રાષ્ટ્રહિત વિરૂઘ્ધ ની બાબત છે.

જયારે અમેરિકા,જર્મની, ફ્રાંસ સહિતના અનેક વિકસિત દેશો વૈશ્વિક આર્થિક મંદીનો સામનો કરી રહયા હતા ત્યારે ભારત સરકારે સહર્ષ જાહેરાત કરી કે વૈશ્વિક આર્થિક મંદીની વ્યાપક અસરો ભારતીય અર્થતંત્ર પર પડી નથી કારણ કે ભારતીય અર્થતંત્ર ના પાયાના એકમો જેવાકે બેંકિંગ, વીમા ક્ષેત્ર અને અનેક સેવાક્ષેત્રો જાહેર સાહસના એકમો છે. અનુભવે એ સિઘ્ધ થયું છે કે જાહેર ક્ષેત્રના એકમો એ દેશના આર્થિક વિકાસ અને અર્થતંત્રને મજબુત બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.જાહેર ક્ષેત્રોનો વિકાસ દેશના આર્થિક વિકાસને પણ સીધી અસર કરે છે તે પણ વાસ્તવિકતા છે. આમ છતાં, UPA સરકાર જાહેર ક્ષેત્રના એકમોનું DISINVESTMENT કરી અંતે ખાનગી કરણ તરફ આગળ વધી રહયું છે. અત્રે એ પણ નોધવું જોઈએ કે અમેરિકાની " જનરલ મોટર્સ " જયારે નાદારી તરફ ધકેલાઈ ગઈ ત્યારે અમેરિકાની સરકારે " જનરલ મોટર્સ " ને ખરીદી ને તેને બચાવવાનો પ્રયત્ન કર્યો. ખાનગી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવાની પ્રક્રિયાનો આરંભ વિશ્વના અનેક વિકસિત દેશોમાં થઈ ચૂકયો છે. ત્યારે UPA સરકાર શા માટે જાહેર સાહસના એકમો ના DISINVESTMENT અને ખાનગીકરણ તરફ આગળ વધી રહી છે ? ફકત કેટલાક મૂડીપતિઓના હિત માટે ?

BSNL સહિતના જાહેર સાહસના એકમોનું DISINVESTMENT કરી અનેક સમાજ ઉપયોગી સેવાઓની શરૂઆત કરવી અને વાતમાં કોઈ તથ્ય જણાતું નથી. સમાજ ઉપયોગી યોજનાઓની શરૂઆત કરવા માટે જાહેર સાહસના એકમોને વેચવા જરૂરી નથી. માન.નાણા મંત્રીશ્રી પ્રણવ મુખર્જી સાથેની મુલાકાતમાં કામદાર સંગઠનો દ્વારા સમાજ ઉપયોગી સેવાઓમાં નાણાં મેળવવા અંગે અનેક ઉપયોગી સૂચનો કરવામાં

New Telephone Exchange, NAVSARI - 396 445 ☎ 94273 45333 email : mkdcsgj@gmail.com

આવ્યા છે. જેમાં સ્વીસ બેંકમાથી નાણાં પરત મેળવવા, શ્રીમંત વર્ગ ઉપર વધારાના કરવેરા, શ્રીમંતો પાસેથી બાકી નિકળતા વેરાઓની વસુલાત, મોટા ઉદ્યોગ ગૃહોને આપવામાં આવતી નાણાંકીય છૂટછાટો બંધ કરવી વગેરેનો સમાવેશ થાય છે. આ સૂચનોનો અમલ કરવાથી સમાજ ઉપયોગી યોજનાઓ અને વિકાસની પ્રક્રિયા શરૂ કરવા માટે અઢળક નાણાં મેળવી શકાશે એમાં શંકા નથી.

BSNL નું DISINVESTMENT BSNL , BSNL ના કર્મચારીઓ અને રાષ્ટ્રહિત વિરૂધ્ધનું પગલું હોવાથી JOINT FORUM OF BSNL ASSOCIATIONS AND UNIONS OF EXECUTIVES AND NON-EXECUTIVES દ્વારા BSNL ના DISINVESTMENT નો સખ્ત વિરોધ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. BSNL ના દરેક અધિકારીઓ અને કામદારોને સંગઠિત થઈ BSNL ના DISINVESTMENT નો વિરોધ કરવાની અપીલ કરવામાં આવે છે. સૌ રાષ્ટ્રવાદી લોકો આપણા આ સંઘર્ષને ટેકો આપશે જે નિઃસંદેહ છે.

JOINT FORUM તરફથી ૯.૩mn. લાઈનોનું GSM નું ટેન્ડર વહેલી તકે ફાઈનલ કરી ઈકવીપમેન્ટ મેળવી લેવાની માગણી પણ કરી છે જેથી BSNL પોતાના ગ્રાહકોને માંગ પ્રમાણે GSM સેવાઓ આપી શકે. BSNL પાસે પૂરતા પ્રમાણમાં " RESERVE FUNDS " છે. જો જરૂર જણાય તો સેવા વિસ્તરણ માટે BSNL જાહેર બજારમાંથી લોન મેળવી શકે છે અને સેવાઓ પણ વિસ્તારી શકે છે. BSNL વિપુલ પ્રમાણમાં ખૂબ ઉચી ક્ષમતા ધરાવતા અધિકારીઓ અને કામદારો ધરાવે છે જેનો ઉપયોગ પૂરી ક્ષમતાથી કરી મેનેજમેન્ટ BSNL ની સેવાઓ સુધારી શકે છે અને સેવાઓનું વિસ્તરણ કરી શકે તેમ છે.

સૌ સાથીઓ, અધિકારીગણ, કર્મચારીઓ સંગઠિત થઈ એકી અવાજે BSNL ના DISINVESTMENT નો વિરોધ કરે તેવી અપીલ કરીએ છીએ.

આપનો

**VAN NAMBOODIRI**
CONVERNOR
JOINT FORUM OF BSNL
ASSOCIATIONS / UNIONS OF
EXECUTIVES & NON-EXECUTIVE

**ગુજરાતી અનુવાદ :**
**મહેશ કે. દવે.**
સર્કલ સેક્રેટરી
બી.એસ.એન.એલ.ઈ.યુ.,
ગુજરાત સર્કલ
નવસારી : ૩૦.જુન, ૨૦૦૯.